R.C.S NO. 165/2021 EX.211

**પ્રતિવાદી નં.૧ પક્ષે સાહેદ નંબર**

| | |
|---|---|
| નામઃ– | રાજેશભાઈ સી.વેડીયા |
| ઉમરઃ– | પર |
| ધર્મઃ– | હિન્દુ |
| ધંધોઃ– | સીવીલ એન્જીનીયર, બીલ્ડીંગ પ્લાનીંગ કન્સલ્ટીંગ વર્ક |
| રહેવાસીઃ– | જુનાગઢ |

**પ્રતિવાદી નં.૧ પક્ષે સરતપાસ વિ.વકીલ શ્રી એમ.એમ.દવે**
**સોગંદ આપ્યા**

હું ૧૯૮૮–૮૯ ની સાલમાં ડીપ્લોમાં ઈન સીવીલ એન્જીનીયરીંગ થયેલ છુ. હું ડીસાઈન વર્કશોપ નામથી બીલ્ડીંગ પ્લાનીંગ કન્સલ્ટીંગ વર્ક કરૂ છુ. મારી તે ફર્મ જુનાગઢમાં છે. તમારી પાસે કોઈ વ્યકિત બાંધકામ કાર્યના કન્સલ્ટીંગ માટે આવે ત્યારે તમે શું કાર્યવાહી કરો છો તેવા સવાલના જવાબમાં જણાવુ છુ કે, જે તે વ્યકિતની જમીનના માલીકી અંગેના આધારો માંગતા હોઈએ છીએ, જરૂર પડે તો સ્થળની વિઝીટ કરીએ, ત્યાર બાદ અમે કલાયન્ટની જરૂરીયા ની માહીતી મેળવી તે મુજબ પ્લાન સ્કેચ તૈયાર કરી આપીએ. આવા સ્કેચ તૈયાર કર્યા બાદ બાંધકામની મંજુરી માટેના ડ્રોઈંગ તૈયાર કરીએ, તેવા મંજુરી માટેના ડ્રોઈંગ મંજુર કરવવામાં મદદ કરવાની કામગીરી મારે કરવાની હોતી નથી, તે જે–તે પાર્ટીને જાતે કરવાના રહે છે.

બાંધકામની મંજુરી માટે જે તે આસામીએ અમારા દ્રારા તૈયાર કરવામાં આવેલો નકશો મંજુરી માટેની અરજી સાથે રજુ કરવાનો હોય છે. જે–તે વ્યકિતને બાંધકામની મંજુરી આપતી ઓથોરીટી તરફથી બાંધકામ માટેની મંજુરી આપવામાં આવે ત્યાર બાદ અમારે ઓથોરીટી દ્રારા આપવામાં આવેલી મંજુરી મુજબ બાંધકામ કરવાની કાર્યવાહી કરવાની હોય છે. જુનાગઢ મહાનગરપાલીકા દ્રારા કોઈ આશામીને સૌપ્રર્થમ વખત બાંધકામની મંજુરી આપવામાં આવે તેને ડી–ફોર્મ કહેવામાં આવે છે. મેં ડીપ્લોમા ઈન સીવીલ એન્જીનીયર તરીકે મારા ઓબ્ઝરવેશન નીચે ઘણા બાંધકામ કરેલા છે. તે વાતની મને ખબર છે કે, જે તે આશામીએ મંજુર થયેલા પ્લાન મુજબનું બાંધકામ મંજુરીમાં દર્શાવેલી

સમય મર્યાદામાં પુર્ણ કરવાનું હોય છે. જો કોઈ વ્યકિત મંજુર થયેલ સમય મર્યાદામાં બાંધકામ પુર્ણ કરી ન શકે તો તે જુનાગઢ મહાનગર પાલીકામાં સમય મર્યાદા વધારવા માટે અરજી કરી શકે. આવી સમય મર્યાદા વધારવા માટે જે તે આસામી અરજી કરી તે અરજી સાથે અમારા તરફથી આપવામાં આવેલ બાંધકામ પ્રોગ્રેસ રીપોર્ટના ફોર્મ ૬–એ અને ૬–બી અમારે આપવાના હોય છે.

જુનાગઢ કાળવા ચોક માં થઈ રહેલ ગોકુલ ગેસ્ટહાઉસનું બાંધકામ સીવીલ એન્જીનીયર તરીકેના મારા ઓબ્ઝર્વેશન નીચે થાય છે. તે મીલ્કતના માલીક નીલેશભાઈ કાંતીલાલ પંડયા છે. નીલેશભાઈ પંડયા મારી સેવા પ્રાપ્ત કરવા સર્વ પ્રર્થમ નવેમ્બર ર૦૧૬ પહેલા આવેલા. નીલેશભાઈ પંડયા મારી સેવા પ્રાપ્ત કરવા આવ્યા બાદ મેં સૌપ્રર્થમ તેમની જે જગ્યાએ બાંધકામ કરવા માંગતા હતા તે સ્થળની મુલાકાત લીધેલ, તેમજ તેમની માલીકીના કાગળો જોયેલા. ત્યાર બાદ નીલેશભાઈ પંડયાએ તેમની કેવા બાંધકામની જરૂરીયાત છે તેની મને માહીતી આપેલી. ત્યાર બાદ મેં લે–આઉટ પ્લાન તૈયાર કરેલો. મને આંક–૧૦૭ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા લે–આઉટ પ્લાન તૈયાર કરનાર તરીકે મારી સહી–સિકકો છે. નીલેશભાઈને જુનાગઢ કોર્પોરેશન દ્રારા મારા લે–આઉટ પ્લાન મુજબ મંજુરી આપ્યા બાદ નીલેશભાઈ મારી પાસે આવેલા. તેઓ બાંધકામની મં જુરીનું જે ફોર્મ–ડી લાવેલા તે મેં જોયેલ. મને આંક–૧૧૬ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તે નીલેશભાઈ અમારી પાસે લઈને આવેલ ફોર્મ–ડી છે. અમારા અને નિલેશભાઈ વચ્ચે કોર્પોરેશન દ્રારા આપવામાં આવેલી મંજુરી અને મેં તૈયાર કરેલ નકશા મુજબનું સંપુર્ણ બાંધકામ પુર્ણ કરવાનો કરાર થયેલો. હવે કહુ છુ કે અમારે તેઓને બાંધકામ કરી આપવાનો કરાર થયો નથી પરંતુ કન્સલ્ટીંગનો કરાર થયેલો. અમારે સીવીલ એન્જીનીયર તરીકે બાંધકામના કોલમ બીમ બનાવતા સમયે, સ્લેબ ભરતા સમયે નકશા મુજબનું અને જરૂરી રેશ્યોમાં કોલમ–બીમ બની રહે છે તે અંગેનું ઓબ્ઝર્વેશન રાખવાનું હોય છે.

હું સૌપ્રર્થમ વાર નિલેશભાઈની જગ્યા પર ગયો ત્યારે ત્યાં ખુલ્લો પટ હતો. હું નીલશેભાઈની મીલ્કતની ચારે દિશાથી માહીતગાર છુ.

આંક–૧૧૬ મુજબ નિલેશભાઈને એક વર્ષમાં બાંધકામ પુર્ણ કરવાનું હતુ. નિલેશભાઈ દ્રારા નિયત સમયમાં બાંધકામ પુર્ણ ન થતા મેં બાંધકામની મંજુરી લંબાવી આપવાની નિલેશભાઈની અરજી માટે ૨૦૧૭ માં ફોર્મ–૬–એ અને બી આપેલા. મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૧૯૩–૧૯૪ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તે અમારા તરફથી આપવામાં આવેલા ફોર્મ ૬–એ,બી છે, જેમા મારી સહી અને સીકકો છે, જે ઓળખી બતાવુ છુ. કોર્પોરેશન દ્રારા બાંધકામની સમય મર્યાદા વધારી આપવા માટે મંજુરી આપ્યાનો હુકમ કર્યા બાદ તે હુકમ લઈ નીલેશભાઈ મારી પાસે બાંધકામ આગળ વધારવા જણાવવા આવેલા. તે સમય મર્યાદા બાદ પણ નીલેશભાઈ બાંધકામ પુર્ણ કરી ન શકતા નીલેશભાઈ ફરીથી બાંધકામની સમય મર્યાદા વધારવા અરજી કરવા માંગતા હોય મેં ફરીથી ૨૦૧૮ માં નીલેશભાઈને ફોર્મ ૬–એ અને ૬– બી આપેલા. મને આ કામે આંક–૧૨૯ ની અરજી સાથે રજુ ફોર્મ–૬એ અને ૬બી બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા મારી સહી અને સીકકો છે. નીલેશભાઈ દ્રારા ત્યાર બાદ પણ બાંધકામ પુર્ણ ન થતા તેઓ કોપોરેશનમાં બાંધકામની સમય મર્યાદા વધારવા અરજી આપવા માંગતા હોવાથી મેં ૨૦૧૯ માં ફરીથી ફોર્મ ૬–એ અને ૬–બી આપેલા હતા. મને આ કામે આંક–૧૨૪ થી રજુ ફોર્મ ૬–એ અને ૬–બી બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા મારી સહી અને સીકકા છે અને તે મેં આપેલ છે.

નીલેશભાઈનું બાંધકામ કયારે શરૂ કરેલ તે ચોકકસ યાદ નથી પરંતુ ૨૦૧૬–૨૦૧૭ માં શરૂ કરેલ. નીલેશભાઈનું બાંધકામ મારા લે–આઉટ પ્લાન મુજબ જી પ્લસ ૪ નું હતુ. નીલેશભાઈનું બાંધકામ જી પ્લસ ૧ પુર્ણ થયા બાદ સેકન્ડ ફલોર ના કોલમ સુધીનું બાંધકામ ૨૦૧૮ ના અંતમાં પહોંચેલુ. એવુ ઘણી વાર બનતુ હોય છે કે, કોઈ આસામી બાંધકામ પુર્ણ કરવાની સમય મર્યાદા વધારવાનો હુકમ મેળવી લે પરંતુ બાંધકામ તે સમયમાં ન કરે. તે બાંધકામ ન કરવાના ઘણા કારણો હોઈ શકે. સમયાન્તરે સમય મર્યાદા વધારવાનો હુકમ લેવાનું કારણ એવુ હોય છે કે જો બાં ધકામની સમય મર્યાદા વધારવાનો હુકમ ન મળવે અને ત્યાર બાદ બે વર્ષ પછી બાંધકામ આગળ વધારવુ હોય તો તેવા આસામીને બાંધકામની મંજુરીની પ્રક્રિયા નવેસરથી કરવી

પડતી હોય છે. નિલેશભાઈ દ્રારા ૨૦૧૮ પછી બાંધકામ આગળ વધારવામાં આવેલ નથી. હું જુનાગઢ મહાનગરપાલીકા નો એપ્રુવડ સીવીલ એન્જીનીયર છુ.

**પ્રતિવાદી નં.૧ સરતપાસ પુરી.**

**સદર કામે પ્રતિવાદી નં.ર પ્રતિવાદી નં.૧ ના સાક્ષીની પ્રર્થમ ઉલટ તપાસ કરવા માંગતા હોય અને તે અંગે વાદીને કોઈ તકરાર ન હોય, પ્રર્થમ પ્રતિવાદી નં.ર ને પ્રતિવાદી નં.૧ ના સાક્ષીની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવામાં આવે છે.**

**સદર સાક્ષીને પગનો દુખાવો હોવાથી તેઓને સાક્ષી બોક્ષની બહાર ખુરશી પર બેસી જુબાની આપવા પરવાનગી આપવામાં આવે છે.**

**પ્રતિવાદી નં.ર તરફે ઉલટ તપાસ વિ.વકીલ શ્રી. બી.સી.કકકડ**

મહાનગરપાલીકામાં એપ્રુવટ સીવીલ એન્જીનીયર તરીકે તમારૂ લાયસન્સ કયારથી ચાલુ છુ તેવા સવાલના જવાબમાં જણાવુ છુ કે મહાનગરપાલીકા થયા પહેલાથી નગરપાલીકા હતી ત્યારથી ચાલુ છે, સામ મને યાદ નથી, આજની તારીખે પણ તે લાયસન્સ ચાલુ છે. આંક–૧૦૭ મુજબના મંજુર થયેલા પ્લાન મુજબના સ્ટ્રકચર ડીઝાઈન, સ્ટીલ ડીઝાઈન, કોલમ ડીઝાઈન અને કોલમ શેડયુલ મેં તૈયાર કરેલા નથી. તે ધર્મેન્દ્ર દોમડીયાએ તૈયાર કરેલા છે. તે વાત ખરી છે કે, વિકાસની મંજુરી મળ્યા બાદ સ્ટ્રકચર ડીઝાઈન, સ્ટીલ ડીઝાઈન, કોલમ ડીઝાઈન અને કોલમ શેડયુલ પણ કોર્પોરશનમાં રજુ કરવાના હોય છે. હાલના કેસમાં સ્ટ્રકચર ડીઝાઈન, સ્ટીલ ડીઝાઈન, કોલમ ડીઝાઈન અને કોલમ શેડયુલ કોર્પોરશમાં રજુ કરવામાં આવેલા છે.

નીલેશભાઈનો દાવા વાળા બાંધકામ વાળો પ્લોટ ગામ તળમાં આવે. તેની એફ.એસ.આઈ ૩ (ફલોર સ્પેસ ઈન્ડેક્ષ) છે. (એફ.એસ.આઈ એટલે શું તે સમાન્ય શબ્દોમાં કહીએ તો જેટલા મીટરનો પ્લોટ હોય તેના એફ.એસ.આઈના ગુણાક સાથે ગુણતા થાય તેટલા મીટર બાંધકામ થાય. દાખલા તરીકે ૫૦૦ મીટરનો પ્લોટ હોય અને એફ.એસ.આઈ ૩ હોય તો ૫૦૦ X ૩ = ૧૫૦૦ મીટરનું બાંધકામ થઈ શકે.) તે વાત ખરી છે કે, બાંધકામ કરનારે પ્લોટની બાઉન્ડ્રી તરફ માર્જીન તથા રોડ ના માપ પ્રમાણે સેટબેક છોડવાનું હોય છે. મને આંક–૧૦૭ બતાવવામાં આવે છે,

જે જોઈને કહુ છુ કે તેમા પ્લોટ એરીયા ૩૭૬.૪૯ ચો.મી છે. તે વાત ખરી છે કે, આંક−૧૦૭ થી તૈયાર કરેલા નકશામાં પ્લોટમા ત્રણ દિશામાં માર્જીન સેટબેક છોડવાનું દર્શાવેલ છે. મેં જી.ડી.સી.આર નો અભ્યાસ કરેલો છે. તે વાત ખરી નથી કે, ૪૦૦ ચો.મીટરથી મોટો પ્લોટ હોય તો પ્લોટની ચારે દિશામાં માર્જીન છોડવાનું હોય છે. કેટલો પ્લોટ હોય તો ચારે દિશામાં માર્જીન છોડવુ પડે તેવા સવાલના જવાબમાં જણાવુ છુ કે ગામ તળમાં ચારે દિશામાં માર્જીન છોડવુ પડે તેવુ મારા જાણમાં નથી. સાહેદ જણાવે છે કે, રોડ તરફ સ ેટબેક છોડવુ પડે. તે વાત ખરી છે કે, સેટ બેક કેટલો છોડવો તે રોડની પહોળાઈ પ્ર માણે છોડવાનો હોય છે.

વિવાદીત બાંધકામમાં મારૂ સુપરવિઝન રહેતુ હતુ. સાહેદ જણાવે છે, સ્ટ્રકચર, સ્ટીલ વગેરે માટે રહેતુ. આ કામના પ્રતિવાદી નં.૧ નિલેશભાઈને પ્ર તિવાદી નં.ર દ્રારા કારણ દર્શક નોટીસ આપવામાં આવેલી, કલમ−ર૬૦(૧) અને ર૬૦(ર) નો હુકમ કરવામાં આવેલો તેની મને માહીતી નથી. કોર્પોરેશન દ્રારા તે કાર્યવાહી દરમ્યાન વખતો વખત સ્થળ પર રોજકામ કરવામાં આવતુ તેનો મને ખ્યાલ છે. મને આંક−૧૦૭ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા પ્રવેશદ્રાર ઉત્તર તરફ છે., જેમા ઉત્તરથી દક્ષીણ તરફ પ્રવેશ કરતા જે ખુલ્લો ભાગ દર્શાવેલ છે, તે વીઝીટર્સ પાર્કીંગ દર્શાવેલ છે. તે નકશામાં પશ્ચીમ તરફ ઉત્તર−દક્ષીણ જે ખુલ્લો ભાગ દર્શાવેલ છે તે પાર્કીંગ દર્શાવેલ છે. તેમજ દક્ષીણ તરફ જે ખુલ્લો ભાગ છે તે પણ પાર્કીંગ છે. તે નકશામાં પુર્વ−ઉત્તર તરફ સ્ટેરકેસનું લેન્ડીંગનું સ્ટોપ છે, અને બાકીના ભાગમાં દિવાલ છે. તે નકશામાં પશ્ચીમ, ઉત્તર અને દક્ષીણ તરફ જે ખુલ્લો ભાગ દર્શાવેલ છે તેને હું માર્જીન નહી પરંતુ પાકીંગ કહુ છુ. સ્થળ પર તે નકશા માં ખુલ્લી જગ્યા તરીકે દર્શાવ્યા મુજબની જગ્યા છે તેવા પ્રતિવાદી નં.૧ ના સવાલના જવાબમાં જણાવુ છુ કે માઈનો ર વેરીયેશન હોય. આંક−૧૦૭ માં દર્શાવેલ નકશા દર્શાવેલ મુજબનું બાંધકામ છે તેની તમે છેલ્લે માપણી કયારે કરેલી તેવા સવાલના જવાબમાં જણાવુ છુ કે તે મને યાદ નથી. વિવાદીત સ્થળે ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ ર૦૧૭ માં પુર્ણ થયેલ હશે, ચોકકસ મહીનો મને ખબર નથી. આંક−૧૦૭ ના નકશામાં દર્શાવેલ માપ મુજબનું સ્થળ પર બાંધકામ

થયેલ છે કે કેમ તે મેં કયારે પણ વેરીફીકેશન કરેલ છે કે કેમ તે મને યાદ નથી. નકશામાં દર્શાવેલા માપ મુજબનું સ્થળ પર બાંધકામ થયેલ છે કે કેમ તે વેરીફાય કરવાનું સીવીલ એન્જીનીયર તરીકે મારી ફરજમાં આવે છે. તે વાત ખરી છે કે, મેજરમેન્ટ લેવાની બાબત ટેકનીકલ બાબત છે. તે વાત ખરી નથી કે, આંક–૧૦૭ ના મંજુર થયેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબનું સ્થળ પર બાંધકામ નથી. પ્રતિવાદી નં.ર તરફે ઉલટ તપાસ પુરી.

**વાદી તરફે ઉલટ તપાસ વિ.વકીલ શ્રી. એસ.ડી.ચાગલાણી.**

મહાનગરપાલીકા દ્રારા મને જે લાયસન્સ આપવામાં આવેલ છે, તેના કરંટ નં.૦ર છે. મને મહાનગરપાલીકા તરફથી મને સર્વપ્રર્થમ વખત લાયસન્સ કઈ સાલમાં આપવામાં આવેલ છે તે મને સાલ યાદ નથી. તે વાત ખરી છે કે, તે લાયસન્સ નિયત સમય અવધી માટે હોય છે. લાયસન્સ નં.૦ર ર૦ર૧ થી ર૦ર૫ ની સમય અવધીનું છે. તે પહેલાના લાયસન્સના નંબર કદાચ ર૩ છે, તેની સમય અવધી મને યાદ નથી. કોર્પોરેશન અસ્તીત્વમાં આવ્યા બાદ મને કેટલા લાયસન્સ મળેલા છે તે મને યાદ નથી. તે વાત ખરી નથી કે, મહાનગરપાલીકા અસ્તીત્વમાં આવી ત્યારથી મને એકજ લાયસન્સ નં.૦ર મળેલ છે.

તે વાત ખરી નથી કે, બાંધકામની પરવાનગી લંબાવવા માટેની અરજી સાથે જે ફોર્મ ૬–એ અને ૬–બી જોડવાના હોય છે તે ફોર્મમાં અમારે કેટલુ બાંધકામ થયલ છે તેનું મેઝરમેન્ટ અને કેટલુ બાંધકામ થયેલ છે તેની વિગત આપવાની હોય છે. તે વાત ખરી છે કે, ફોર્મ–૬–એ અને ૬–બીમાં અમારે તારીખ લખાવાની હોય છે. અમે નીલેશભાઈના બાંધકામાં પ્લીંથ સુધીનું બાંધકામ અને તેના પરતા પ્રર્થમ સ્લેબનું બાંધકામ એક વાર કરેલુ છે. મને આંક–૧ર૪ થી રજુ ફોર્મ–૬–એ બતાવવામાં આવે છે,જે જોઈને કહુ છુ તે તેમા માત્ર પ્લીંથ લેવલ સુધીનું બાંધકામ થયેલાનું દર્શાવેલ છે. આંક–૧ર૪ ના દસ્તાવેજમાં ફોર્મ૬–એ માં પ્લીંથ લેવલ સીવાયના બાંધકામનો ઉલ્લેખ નથી. ફોર્મ–૬–એ કે ફોર્મ ૬–બી અમારે સીધા કોર્પોરેશનમાં આપવાના હોતા નથી. આ તબકકે આંક–૧ર૪ ના દસ્તાવેજમાં લખેલી વિગત તમે કઈ તારીખે તૈયાર

કરીને આપેલી છે તેવુ વાદી પક્ષ પ્રતિવાદી નં.૧ ની સહી અને તેમા લખેલી તારીખ પર અં ગુઠો મુકીને પુછી રહેલા છે, જે બાબત પ્રતિવાદી નં.૧ ના વકીલ શ્રી વાંધો લઈને જણાવે છે કે, દસ્તાવેજની વિગત છુપાવીને સાક્ષીને સવાલ પુછી શકાય નહી. આ અંગે વિચાર કરવામાં આવે તો, સદર દસ્તાવેજમાં તૈયાર કરનાર તરીકે હાલના સાક્ષીની સહી અને સીકકો છે, જયારે સાથે સાથે આવી અરજી પ્રતિવાદી નં.૧ દ્રારા ચીફ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ, મહાનગરપાલીકાને સંબોધીને લખી પોતાની સહી અને તારીખ નાખેલી છે, જે નીચેના કોલમમાં હાલના સાક્ષીના સહી સીકક છે, જેથી તે સહી સીકકા હાલના સાહેદે કઈ તારીખે કર્યા તે બાબતના સવલાના જવાબમાં અરજી કરનાર પ્રતિવાદી નં.૧ ની સહી સાથે લખાયેલ તારીખ છુપાવીને સાક્ષીને સવાલ પુછવા પરવાનગી આપવામાં આવેતોજ હાલના સાક્ષીને સદર દસ્તાવેજમાં પોતાના સહી સીકકા પ્રતિવાદીએ કરેલ સહીના અરશામાં કરેલા છે કે કેમ તે અંગેના ખાત્રી થઈ શકે છે. જેથી વાદી પક્ષને પ્રતિવાદી નં.૧ એ આંક-૧૨૪ ના દસ્તાવેજમાં જે સહી કરેલી છે તેની તારીખ છુપાવી સવાલ પુછવા પરવાનગી આપવામાં આવે છે, કારણ કે હાલના સાક્ષીની સહી અને પ્રતિવાદી નં.૧ ની સહી જુદા જુદા સ્થળો પર છે. આંક-૧૨૪ ના ફોર્મ નં.૬-એ માં મારી સહી કે સીકકો કઈ તરીખે કર્યા તે હું કહી શકુ તેમ નથી. તે સહી સીકકા ૨૦૧૭ માં કરેલા છે. આંક-૧૨૪ ના દસ્તાવેજમાં સબમીટ ની તારીખ અને ઓન ની તારીખના ખાના ખાલી છે. તે દસ્તાવેજમાં રીસીવ તારીખના ખાના ખાલી છે. તે વાત છે કે, મારૂ લાયસન્સ નં.૦૨ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી વેલીડ છે. સાહેદ જણાવે છે કે, ચોકકસ હું લાયસન્સ જોઈને જણાવી શકુ. તે વાત ખરી નથી કે, આંક-૧૨૪ વાળો દસ્તાવેજ ૨૦૨૦-૨૧ માં કોર્પોરશનમાં રજુ થયેલ હોય. અમારી સામાન્ય પ્રેકટીશ એવી છે કે અમે ફોર્મ ૬-એ માં તે તૈયાર કર્યાની તારીખ, સબ્મીટ કર્યા તારીખ અને જે તે આસામીએ રીસીવ કર્યા તારીખ ખાલી રાખુ છુ. સાહેદ જણાવે છે કે, રીસીવ ડેટ કોર્પોરેશન લખે છે. ફોર્મ-૬ એ માં અમારે એપ્રીવડ પ્લાન અને તેની સાથેનું ડી ફોર્મ રજુ કરવુ પડે. મને આંક-૧૨૪ ના ફોર્મ-૬બી બતાવવામાં આવે છે, તેમા તૈયાર કર્યા તારીખ, સબમીટ કર્યા તારીખ અને રીસીવ કર્યા તારીખ લખેલા નથી. તે વાત ખરી છે કે, તે ફોર્મ ૬-બીમાં મેં કઈ

તારીખે કે સાલમાં તૈયાર કરેલ છે તે લખેલ નથી. તે ફોર્મ ૬–બી ૨૦૧૭ માં તૈયાર કરેલ છે. તે વાત ખરી છે કે, તે ફોર્મ ૬–બી માં એક માળ સુધીનો સ્લેબ ભરાયેલાનો ઉલ્લેખ છે. તે વાત ખરી છે કે, આંક–૧૨૪ થી રજુ ફોર્મ ૬–એ અને ૬–બીમાં કોઈ જગ્યાએ તે ફોર્મ કોપોરેશનમાં રીસીવ કરવામાં આવેલ હોવોના સહી–સીકકા કે તારીખ નથી. મને આંક–૧ ૨૯ સાથે બીજી વાર રજુ થયેલા ફોર્મ ૬–એ અને ૬–બી બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા તૈયાર કર્યા તારીખ, સબમીટ કર્યા તારીખ, કે રીસીવ કર્યા તારીખ લખેલ નથી તેમજ મારી સહી સીકકો કઈ તારીખે કર્યો તે ઉલ્લેખી નથી. તે વાત ખરી છે કે, તેમા પણ પ્લીંથ લેવલ સુધીનું બાંધકામ થયેલ હોવાનું લખેલ છે. તે વાત ખરી છે કે, તે ફોર્મ ૬–એ પણ કોર્પોરેશનના સહી સીકક કે મળ્યા તારીખ લખેલ નથી. તે વાત ખરી છે કે, તેમા અરજી કરનારે પણ કોઈ સાલ કે તારીખ લખેલ નથી. તે વાત ખરી છે કે, તે બીજી વારનાર ફોર્મ ૬–બી પણ ફસ્ટ ફલોરીંગ લેવલ સુધીનું દર્શાવેલ છે. અમે હાલના ફોર્મ ૬–એ અને ૬–બી પહેલા તૈયાર કરેલા છે કે આગઉ ઉલ્લેખ કરેલા ફોર્મ ૬–એ અને ૬–બી પહેલા તૈયાર કરેલા છે તે હું સદર દસ્તાવેજો જોઈને જણાવી શકુ નહી. મને આંક–૧૯૩ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા પણ કયારે તૈયાર કર્યા છે, કયારે સબમીટ કર્યા છે કે કયારે રીસીવ થયા છે તેવી તારીખ લખેલી નથી તેમજ મેં કયારે સહી–સીકકો કરેલ છે તે લખેલ નથી. તે વાત ખરી છે કે, તે ફોર્મ કોર્પોરેશનને કઈ તારીખે મળ્યા છે તેની તારીખ કે સહી સીકકો નથી. તે વાત ખરી છે કે, આંક–૧૯૩ માં પ્લીં થ સુધીનું બાંધકામ થયેલ હોવાનું લખેલ છે. મને આંક–૧૯૪ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા તૈયાર કર્યા તારીખ, સબમીટ કર્યા તારીખ કે રીસીવ કર્યા તારીખના ખાના ખાલી છે. તે વાત ખરી છે કે, તેમા કોર્પોરેશકને રીસીવ કર્યા તારીખ કે સહી સીકકો નથી. તે વાત ખરી છે કે, તે ફોર્મ ૬–બી માં પ્રર્થમ માળ સુધીનુંજ બાંધકામ દર્શાવેલ છે. તે ફોર્મ ૬–બી અમે અંદાજે ૨૦૧૯ માં તૈયાર કરેલ છે. આંક–૧૯૪ વાળા રીપોર્ટ અમે સૌથી છેલ્લી વાર સમય મર્યાદા લંબાવવા ની અરજી સાથે રજુ કરેલા ફોર્મ છે. તે વાત ખરી છે કે, તે ત્રણે ફોર્મમાં અમે પ્લીંથ સુધી અને ફસ્ટ ફલોર સુધીનું બાંધકામજ દર્શાવેલ

છે, અને તે ત્રણેયમાં કોઈ વધારાના બાંધકામ પ્રોગ્રેસની વિગત દર્શાવેલી નથી. કોર્ટ ટાઈમ પુરો થતા વધુ ઉલટ તપાસ મુલત્વી.

**ઉલટ તપાસ પુરી.**
**ફેર તપાસ નથી.**
**સાહેદને જુબાની વાંચી સંભળાવતા**
**ખરી હોવાનું સ્વીકારે છે.**

**અમારા રૂબરૂ**

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ